બેસી કોલમેન

પ્રથમ આફ્રિકી-અમેરિકી મહિલા વિમાન-ચાલક



સેલી વોકર

ચિત્ર: જેનિસ લી. પોર્ટર



બેસી કોલમેન

પ્રથમ આફ્રિકી-અમેરિકી મહિલા વિમાન-ચાલક

सैली वाकर

चित्र: जेनिस ली पोर्टर

ઉડવા માટે તૈયાર
વેક્સાહાચી, ટેક્સાસ, 1902

બેસી કોલમેનની આંગળીઓ લોહીલુહાણ થઈ ગઈ હતી.

એની પીઠ દુઃખી રહી હતી.

10 વરસની બાળકી માટે કપાસ વીણવાનું એક મુશ્કેલ કામ હતું.

બેસી બાજુના વીણનારના કોથળા તરફ તાકી રહી.

જયારે એ એને ખેંચી રહ્યો હતો, ત્યારે જમીન પર ઘસડાતો હતો. તે આરામ કરવા માટે સારી જગ્યા હોય એવું લાગતું હતું. ઘસડાતા થેલા પર ચોરીથી સવારી કરવાનું સાહસ ફક્ત બેસી કોલમેન જ કરી શકતી હતી.

ધડામ! એ પડી ગઈ.

બેસીને કપાસ વીણવાથી નફરત હતી, પણ એની પાસે વધારે વિકલ્પ ન હતા. કોલમેન પરિવાર બહુ ગરીબ હતો.

માઁ ને એ બધા પૈસાની જરૂર હતી જે બેસી કમાતી હતી.

દિવસનો સૌથી સારો સમય ત્યારે હતો જયારે કામ પૂરું થઈ જતું હતું.

પછી બેસી ગણિતનું અધ્યયન કરતી હતી. એને ગણિત ગમતું હતું.

બેસીએ હિસાબ લગાવ્યો કે એના પરિવારે કેટલું કપાસ ચૂંટ્યું હતું.

એણે કેટલા પાઉન્ડ કપાસ ચૂંટ્યું હતું, એના હિસાબે એને પૈસા મળતા હતા.

જો પૈસા આપવાવાળી ગોરી વ્યક્તિ એને છેતરવાની કોશિશ કરતો, તો બેસી એને પાઠ ભણાવવામાં જરાય ડરતી ન હતી. એ બહુ સાહસી હતી.

કપાસની લણણી પૂરી થયા પછી બેસી સ્કૂલ

પાછી જઈને ખુશ હતી.

એ આફ્રિકી-અમેરિકી બાળકો માટે એક-રૂમ વાળી

સ્કૂલમાં ભણવા જતી હતી.

1902 માં, ગોરા બાળકો અને કાળા બાળકો, એક જ

સ્કૂલમાં જઈ શકતા ન હતા.

કાળા બાળકોની મોટા ભાગની સ્કૂલો બહુ ગરીબ
હતી.

બેસીની સ્કૂલમાં બહુ ઓછી ચોપડીઓ હતી.

ક્યારેક શિક્ષક પાસે કાગળ અને પેન્સિલ પણ

ખલાસ થઈ જતા હતા.

તો પણ, બેસી બહુ મહેનત કરતી હતી.

બેસી એના જીવનમાં કપાસ વીણવા સિવાય કંઈક

બીજું કરવા ચાહતી હતી.

એ જેટલું વધારે ભણે, એના જીવનમાં એટલી જ

વધારે સંભાવનાઓ શક્ય બને.







બેસી દરેક સમયે કામ કરતી ન હતી.

જયારે પુસ્તકાલયનું વેગન આવતું, તો માઁ બેસીને

વાંચવા માટે પુસ્તકો ભાડે લેતી હતી.

રાતે, બેસી એને જોર-જોરથી વાંચતી હતી.

એને હેરિયેટ ટબમેનની વાર્તા બહુ ગમી.

ટબમેન એક સાહસી કાળી મહિલા હતી!

એણે સેંકડો ગુલામોને આઝાદી અપાવી હતી.

હેરિયેટ ટબમેને નિશ્ચિત રૂપથી એના જીવનમાં

મહત્વપૂર્ણ કામ કર્યા હતા.

વાંચતા-વાંચતા બેસીએ પણ નક્કી કરી લીધું.

કોઈક દિવસ એ પણ કંઈક મહત્વપૂર્ણ કરશે.

1910 માં બેસી 18 વરસની હતી.

એણે ઓક્લાહોમાની કોલેજમાં ભણવાનું શરુ કર્યું,

પણ એના પૈસા ખૂટી ગયા.

પછી એ ટેક્સાસ જતી રહી જ્યાં એણે પૈસા કમાવા

માટે કપડાં ધોયા.

કપડાં ધોતા અને ઈસ્ત્રી કરતા બેસી પોતાના

ભવિષ્ય વિષે વિચારતી રહેતી હતી.

જો એ એના જીવનમાં કંઈક કરવા ચાહતી હતી,

તો એને વેક્સાહાચી છોડવું પડશે.

પછી એણે શિકાગોમાં એના ભાઈઓ સાથે

રહેવાનો ફેંસલો કર્યો.

નિશ્ચિત રૂપ થી આટલું મોટું શહેર એને એક

નવા જીવનનો કોઈ અવસર જરૂર પ્રદાન કરશે.

ઉડવાનું સ્વપ્ન
શિકાગો, 1919

બેસી બહુ ગુસ્સામાં હતી.

એનો ભાઈ જોન એને એ વાળંદની દુકાનમાં ચીડવી રહ્યો હતો જ્યાં એ કામ કરતી હતી.

જોન, પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન ફ્રાન્સમાં લડયો હતો.

ફ્રાન્સની મહિલાઓ, શિકાગોની કાળી મહિલાઓથી

વધારે સારી હતી, એણે મજાકમાં કહ્યું.

થોડી ફ્રાન્સની મહિલાઓ વિમાન પણ ઉડાવતી હતી.

એક કાળી મહિલા વિમાન ઉડાવે એવી કલ્પના પણ

કોણ કરી શકે?

બેસીને ખબર હતી કે જો એ નિશ્ચય કરી લેય, તો પછી

એ કંઈ પણ કરી શકતી હતી.



એને જમીનથી ઊંચે ઉડવું સાહસિક અને

મહત્વપૂર્ણ લાગી રહ્યું હતું.

એ કામ બેસી કોલમેન માટે બંધબેસતું હતું.

બેસીએ ત્યારે અને ત્યાં ફેંસલો કર્યો કે એ જોનને

ખોટો સાબિત કરશે.

બેસીની ઈચ્છા હતી કે એ કોઈ અશ્વેત પાયલટને ઉડવાનું શીખવાડવા કહે. પણ શિકાગોની આસપાસ કોઈ પણ અશ્વેત પાયલટ ન હતો.

બેસી એક હવાઈ મથકથી બીજા હવાઈ મથક ગઇ, અને એણે ગોરા પાયલટને એને શીખવાડવાનું કહ્યું.

પણ દરેકે એને ના પાડી.

થોડાએ એટલા માટે મનાઈ કરી કારણકે એ કાળી હતી.

બીજાઓએ એટલે મનાઈ કરી કારણકે એ એક મહિલા હતી.

1919 માં વિમાન ઉડાવવું એક નવું સ્વપ્ન હતું.

1903 થી જ લોકોએ ઉડવાનું શરુ કર્યું હતું.

યાત્રા માટે વિમાનો નો બહુ ઉપયોગ થતો ન હતો.

ઘણી જગ્યાએ વિમાન એટલા દુર્લભ હતા કે લોકો એને જોવા માટે પોતાના ઘરની બહાર દોડી જતા હતા.

એ સમયે કદાચ કોઈ પણ વિમાન-ચાલાક, મહિલા ન હતી.

અને કોઈ પણ મહિલા વિમાન-ચાલાક, કાળી ન હતી.



પણ બેસીએ હાર ન માની.

એણે રોબર્ટ એબોટ પાસે મદદ માંગી.

રોબર્ટ, વાણંદની દુકાન પર એના ઘરાકોમાંથી એક હતો.

રોબર્ટ હોશિયાર અને શ્રીમંત હતો.

એ પોતાનું વર્તમાનપત્ર "શિકાગો ડિફેન્ડર" ચલાવતો હતો.

ફ્રાન્સ જા, રોબર્ટ એ બેસીને કહ્યું.

ફ્રાન્સમાં ગોરા લોકો, કાળા લોકો સાથે

બરાબરીનો વ્યવહાર કરે છે.

એને ત્યાં શીખવવા માટે શિક્ષક જરૂર મળશે.

ફ્રાન્સની ટિકિટ મોંઘી હશે.

અને ઉડવાનું શીખવાની ફી પણ બહુ વધારે હશે.

એ પછી બેસી વધારે વ્યસ્ત થઇ ગઇ.

એણે એક વધારે પૈસા મળે એવી નોકરી કરી

જેમાં એ મરચાં વેંચતી હતી.

એ ફ્રેન્ચ ભાષા વાંચતા શીખી.

એણે ઉડવાના સ્વપ્ના જોયા.

પછી નવેમ્બર 1920 માં, બેસી એક જહાજ પર ચઢી

અને ફ્રાન્સ માટે રવાના થઇ.

ઉડાણ ભરવી!
લે ક્રોટોય, ફ્રાન્સ, 1920

બેસી એના હાથેથી ધીમેથી વિમાનની

કિનારીને અડી.

એને હજી પણ વિશ્વાસ બેસતો ન હતો.

એ 28 વર્ષની હતી, અને અંતે એની ઉડ્ડયન
તાલીમનો પહેલો દિવસ આવી ગયો હતો.

બેસીએ પ્રોપેલર અને ટાયરોની તપાસણી કરી.

એણે કપડાથી ઢાંકેલી પાંખની ફાટ અને તિરાડ
માટે તપાસણી કરી.

સારા પાયલટ હંમેશા ઉડાણ ભરવા પહેલા પોતાના

વિમાનની તપાસણી કરતા હતા.



બેસી પાછલી કોકપીટમાં ચઢી ગઈ.

એનો પ્રશિક્ષક આગળ બેઠો હતો.

વિમાનની મોટર ફરવા લાગી.

પ્રોપેલર, તેજીથી ફરર્ર-ફરર્ર કરવા લાગ્યું.

જેવું વિમાન ઉડયું,

ઠંડી હવા બેસીના ગાલોને અડવા લાગી.

આખરે એ ઉડી રહી હતી!

એ પહેલા પાઠ પછી બેસીએ તનતોડ
મહેનત કરી અને એકધારું શીખતી રહી.

પછી એક દિવસ, એણે એના સહપાઠી
પાયલટને એક દુર્ઘટનામાં મરતા જોયો.

બેસી ગભરાઈ ગઈ.

એનું સ્વપ્નું એને જોખમમાં મૂકી રહ્યું હતું.

પણ એણે હાર ન માની.

એણે એના ઉડાણ કૌશલ ઉપર હજી વધારે

મહેનત કરી.

આકાશની દરેક યાત્રા સાથે,

બેસી હજી વધારે સાહસિક થતી ગઈ.

થોડા સમયમાં એ એની મેળે એકલી ઉડી
રહી હતી.

અંતે સાત મહિનાની મહેનત રંગ લાવી.

જૂન 1921 માં, બેસીને પાયલટનું લાઇસન્સ મળ્યું.

હવે એ દુનિયામાં ક્યાંય પણ ઉડી શકતી હતી.

એ પાયલટનું લાઇસન્સ મેળવવાવાળી પહેલી
આફ્રિકી-અમેરિકી મહિલા હતી.

એણે એના ભાઈ જોનને આખરે ખોટો સાબિત કર્યો.

અંતે બેસીએ કંઈક મેળવ્યું હતું અને કંઈક નવું કરીને
બતાવ્યું હતું.

હવે એનો ઘરે જવાનો સમય હતો.

અને દુનિયાને એ દેખાડવાનો સમય હતો કે બેસી
કોલમેન શું કરી શકે છે.



મને ઉડતા જુઓ!
લોન્ગ આઇલેન્ડ, ન્યુયોર્ક, સપ્ટેમ્બર 1922

બેસીએ એના બુટ પોલિશ કર્યા.

ત્યાં એક બેન્ડ વાગવા લાગ્યું.

બેન્ડનું જાઝ સંગીત, બેસીના મૂડ સાથે મેળ ખાતું હતું.

એ પહેલી વાર કોઇ અમેરિકી ભીડ સામે ઉડવાની હતી.

એને આકાશમાં ઊડતી જોવા માટે એક હજારથી

વધારે લોકોએ ટિકિટ ખરીદી હતી.

બેસી કોકપીટમાં ચઢી ગઈ અને એણે

એની આંખો પર ચશ્મા ચઢાવ્યા.

એનો સહ-પાયલટ પાછળ ચઢ્યો.

મિકેનિકે એન્જીન ચાલુ કર્યું.

જેવું વિમાન મેદાનમાં દોડયું અને પછી

જમીન પરથી ઉપર ઉઠયું તો ભીડે એને

ધૂરીને જોયું.

1920 ના દશકમાં, વિમાન ઘણીવાર પટકાઈ પડતા હતા.

બધા જાણતા હતા કે અનુભવી પાયલટનો

પણ ક્યારેક અકસ્માત થઈ જતો હતો.

શું એ કાળી મહિલા પાયલટ સુરક્ષિત રહી શકશે?

બેસી ભીડની ઉપર ઉડવા લાગી.

એ હવામાં ઉડી અને પછી સરળતાથી નીચે ઉતરી.

એનું એક આદર્શ ઉડ્ડયન હતું!

થોડા સમયમાં બેસી ઉડવા સિવાય બીજું પણ

ઘણું કરી રહી હતી.

એણે અદભુત સાહસિક ખેલ કરીને પ્રશંસકોને

રોમાંચિત કર્યા.

શિકાગોમાં, એ એટલી નીચે ઉડી કે ભીડને

એનાથી બચવું પડયું!

પછી લોકોએ વિમાનને ઉપર આકાશમાં

ચઢતું જોયું.

અચાનક, વિમાને તેજીથી એક બાજુ વણાંક લીધો.

દર્શકોએ ભયમાં એક ઊંડો શ્વાસ લીધો.

શું બેસીએ નિયંત્રણ ખોઈ દીધું હતું?

નહીં! એક સેકન્ડ માટે પણ નહીં!

બેસીએ ફરી વિમાનને ઘુમાવ્યું અને 8 ની

આકૃતિનો એક લૂપ પૂરો કર્યો.



બેસીના ગલોટિયા અને જોખમી કરતબથી
થોડા લોકો ડરી ગયા.
એમને લાગ્યું કે એવા જોખમી ખેલથી બેસી એનો
જીવ જોખમમાં મૂકી રહી હતી.
પણ બેસી પોતાને એક ઊડતી હોય એવી અભિનેત્રી
ના રૂપમાં જોઈ રહી હતી.
એનું કામ લોકોનું સરસ મનોરંજન કરવાનું હતું.
એને માટે સાહસિક ખેલ કરવાનું બીજું એક કારણ હતું.
એને પૈસા કમાવાની જરૂર હતી.

બેસી એક ઉડ્ડયન તાલીમ શાળા ખોલવા ચાહતી હતી.

એને માટે એને વિમાન ખરીદવાની અને એને રાખવાની
જગ્યાની જરૂરત પડે.

એ બહુ મોંઘુ થાય.

ભીડ માટે ઉડીને કદાચ એ બધું ખરીદી શકે.

બેસીને આશા હતી કે એની સ્કૂલ અન્ય કાળા

લોકોને ઉડતા શીખવા માટે મદદરૂપ થશે.

બેસીએ એની સ્કૂલ ખોલવા માટે પૈસા કમાવા

માટે બહુ મહેનત કરી.

વધારે પ્રશંસકોને જીતવા માટે, બેસીએ ચર્ચો

અને થિએટરમાં ભાષણો આપ્યા.

એણે ખબરપત્રીઓ સાથે પણ વાત કરી.

ક્યારેક એણે એક પાયલટ તરીકેની એની કારકિર્દીની

સચ્ચાઇને મરી-મસાલો ઉમેરીને કહી.

એક ખબરપત્રીને એણે જણાવ્યું કે એ યુરોપના

છ દેશોમાં ઉડી હતી!

પણ બેસીના ઉડવા વિષે કંઇ પણ નકલી ન હતું.

એ એક કુશળ પાયલટ હતી.



1923 માં, બેસી કેલિફોર્નિયા ગઇ.

એનું મગજ ઉડ્ડાણ સ્કૂલની યોજનાઓથી ભરેલું હતું.

એણે એનું પહેલું વિમાન ખરીદ્યું.

એ એક નાનું, વપરાયેલું વિમાન હતું જેનું નામ

"કર્ટિસ જેની" હતું.

પછી એણે એક હવાઇ શો કર્યો.

જેમ કે એ હંમેશા કરતી હતી, બેસીએ ઉડ્ડાણ

ભરતા પહેલા વિમાનને તપાસ્યું.

એને બધું બરાબર લાગ્યું.

એણે વિમાનને 300 ફીટ ઊંચે ઉડાવ્યું.

પણ અચાનક વિમાનનું એન્જીન બંધ પડી ગયું.

વિમાને જમીન તરફ ગોથું ખાધું.

એ ગોથું કોઇ કલાબાજી ન હતું.

વિમાનની બેસી સાથે દુર્ઘટના થઇ ગઇ.

બચાવ દળે બેસીને હોસ્પિટલ પહોંચાડી.

એનો એક પગ તૂટી ગયો હતો અને ઘણી પાંસળીઓ તૂટી ગઈ હતી.

એનો ચહેરો અને હાથ ઘણી જગ્યાએ કપાઇ ગયા હતા.

તો પણ એ જીવિત હતી.

બેસીએ લગભગ ત્રણ મહિના પથારીમાં વિતાવ્યા.

એને ઘણી ઈજાઓ થઇ હતી અને એ પીડાથી કણસી રહી હતી.

એના પગમાં પ્લાસ્ટરની અંદર ખંજવાળ આવી રહી હતી.

સૌથી દુઃખદાયક વાત એ હતી કે એનું વિમાન સાવ નાશ પામ્યું હતું.

પણ બેસીએ હાર ન માની.

એણે એના પ્રશંસકોને હોસ્પિટલમાંથી એક સંદેશો

મોકલાવ્યોઃ

"જેવી હું ચાલવા લાગીશ, હું ફરી ઉડીશ!"

બેસીએ એનો વાયદો પૂરો કર્યો.

એ સપ્ટેમ્બરમાં, એ કોલમ્બસ, ઓહિયો ગઇ.

એણે એક વિમાન ઉધાર લીધું અને બીજો શો કર્યો.

જો બેસી ફરી ઉડવાથી ગભરાયેલી હતી,

તો એ એણે જતાવ્યું નહીં.

એને આકાશમાં ચઢતી જોઈને દસ હજાર

પ્રશંસકો રોમાંચિત થયા.

આ વખતે કોઈ ગરબડ ન થઈ.

બેસીએ ભવિષ્ય તરફ જોયું.

એણે બીજા ધણા શો માં વિમાન ઉડાવ્યા.

એણે વિમાનછત્રી અને બીજા અદભુત કરતબ

પણ અજમાવ્યા.



એ કોઈ-ને-કોઈ રીતે એની ઉડ્ડયન તાલીમ સંસ્થા
ખોલવા માટે કામ કરતી રહેશે.

અને એ બધા રંગની મહિલાઓ અને બધા રંગના
પુરુષો માટે ઉડવાના સ્વપ્ના સાકાર કરશે.

અંતના શબ્દો

બેસી કોલમેને પોતાના વતન ટેક્સાસ સહિત અનેક જગ્યાઓ પર એર-શોનું પ્રદર્શન કર્યું. એક પાયલટ તરીકે જીવને જોખમમાં મૂકતા સ્ટન્ટ્સ કરવા ઉપરાંત, તેણે પેરાશૂટિંગ પણ શીખ્યું. તે ચાલતા વિમાનના પંખા પર પોતાને સંતુલિત રાખીને “વિંગ-વોક” પણ કરતી હતી, જ્યારે બીજો પાયલટ વિમાનનું નિયંત્રણ સંભાળતો હતો. તે જ્યાં જ્યાં ગઈ, ત્યાં હજારો પ્રશંસકોને આશ્ચર્યચકિત અને પ્રેરિત કર્યા.

દુઃખની વાત એ છે કે બેસી પોતાના બધા સપનાઓ સાકાર થતા જોવા માટે જીવતી રહી નહોતી. 1926 માં, એક ભયાનક અકસ્માતમાં તેનું અવસાન થયું. બેસી ફ્લોરિડામાં એક “જેની” વિમાનમાંથી પેરાશૂટ વડે કૂદવાની તૈયારી કરી રહી હતી. વિમાનના નિયંત્રણ ગિયરમાં એક રેંચ ફસાઇ ગઇ અને તે જામ થઇ ગયું. પાયલટે પોતાનું નિયંત્રણ ગુમાવી દીધું. પાછળના કોકપિટમાં પોતાની સીટ પર બેઠેલી બેસી તેની કોઇ મદદ કરી શકી નહોતી. વિમાન અકસ્માતગ્રસ્ત થયું. બેસી અને પાયલટ બંનેનું મૃત્યુ થયું.

જોકે તે પોતાની ફ્લાઇંગ સ્કૂલ શરૂ કરે તે પહેલાં જ મૃત્યુ પામી. ટેક્સાસની આ સાહસિક કપાસ તોડતી યુવતીએ પોતાના જીવનમાં ખરેખર ઘણું મહત્વપૂર્ણ કાર્ય કર્યું. ભેદભાવપૂર્ણ વર્તન છતાં, તે પાયલટ લાઇસન્સ મેળવનારી પ્રથમ આફ્રિકન-અમેરિકન મહિલા બની. તેના કૌશલ્યે ઘણા પ્રશંસકોને પોતે પણ પાયલટ બનવા માટે પ્રેરિત કર્યા. અને તેના દૃઢ સંકલ્પ અને સાહસે દરેક જાતિના લોકોને પોતાના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે ઊંચા સપના જોવાની પ્રેરણા આપી.

મહત્વપૂર્ણ તારીખો

1892 - બેસી કોલમેનનો જન્મ 26 જાન્યુઆરીએ એટલાન્ટા, ટેક્સાસમાં એક રૂમના કેબિનમાં થયો હતો.

(તેના જન્મનું સાચું વર્ષ નિશ્ચિત રીતે જાણીતું નથી.)

1894 - પરિવાર વેક્સાહાચી, ટેક્સાસમાં સ્થળાંતરિત થયો.

1910 - લૅંગ્સ્ટન, ઓક્લાહોમામાં કલર્ડ એગ્રીકલ્ચરલ એન્ડ નોર્મલ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો; પૈસા ખૂટતાં વેક્સાહાચી પરત ફરી.

1915 - શિકાગો ગઈ.

1917 - ક્લોડ ગ્લેન સાથે લગ્ન કર્યા.

1920 - ફ્લાઇટ સ્કૂલમાં ભણવા માટે ફ્રાન્સ ગઈ.

1921 - પાઇલટ લાઇસન્સ મેળવ્યું; આવું કરનાર પ્રથમ આફ્રિકન-અમેરિકન મહિલા બની.

1922 - ફ્રાન્સમાં ઉડાન તાલીમ લીધી; લૉંગ આઇલેન્ડ, ન્યૂયોર્કમાં પ્રથમ એર શો કર્યો.

1923 - કેલિફોર્નિયામાં વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું; લગભગ ત્રણ મહિના હોસ્પિટલમાં વિતાવ્યા.

1926 - ફ્લોરિડાના જેક્સનવિલમાં વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું.

1995 - અમેરિકન પોસ્ટલ સર્વિસે ઉડાનના ઇતિહાસમાં બેસી કોલમેનના યોગદાનના સન્માનમાં ટપાલ ટિકિટ બહાર પાડી.